Notice is hereby given to the public in general and in particular to the Borrower (s) and Guarantor (s) that the below described immovable property mortgaged/ charged to the Secured Creditor, The Karur Vysya Bank Ltd, the **Physical Possession** of Property which has been taken by the Authorised Officer of The Karur Vysya Bank Ltd., Secured Creditor, will be sold on "As is where is", "As is what is", and "Whatever there is" on 10.12.2026, for recovery of **Rs. 48,03,238.27/- (Rupees Forty Eight Lakhs Three Thousand Two Hundred Thirty Eight and Paise Twenty Seven Only)** as on 31.10.2026 with interest and expenses thereon from 01.11.2026 due to the Karur Vysya Bank Ltd, Secured Creditor from **1) M/s Fenix Monofilament, 2) Mrs Vekariya Rinaben Pareshbhai, 3) Mr Vekariya Paresh Ghanshyambhai, all 1,2 and 3 residing at B/502, Icon Heights, B R T S Road, Near Shayona Plaza, Punagam, Surat, Gujarat 395010, 4) Mr Sakariya Sanjaykumar Vajubhai, residing at 114, Godavari Park Society, Punagam, Behind Gajanand, Punagam Choryasi, Bombay Market, Surat, Gujarat 365010**

**DESCRIPTION OF THE IMMOVABLE PROPERTIES AND OTHER DETAILS**

| Sr No | Property Details | Reserve Price | EMD Amount |
|---|---|---|---|
| 1 | **Item No: 1:-**All that part and parcel (Property details as per MOD) commercial land and building property situated at Gala No. 217 (As per Booking Plan Gala No. 216) on the 2" Floor, Shivanjali Embroidery Park, Situated at : Variyav, Bearing Revenue Survey No. 910, Block No. 855, T.P. Scheme No. 46 (Gothan- Bharthana- Kosad-Variyav) Final Plot No. 279, Paiki Plot No. 17, of Village Variyav, Taluka Surat City (Adajan), District: Surat, Gujarat, standing in the name of Mr. Sanjaykumar Vajubhai Sakariya.**Boundaries of the site:East:** Gala No.216, **West:** Gala No. 218,**North:** Final Plot No. 277, **South:** Internal Road | Rs 25,00,000/- | Rs 2,50,000/- |
| | **Item No: 2:-**All that part and parcel (Property details as per MOD) commercial land and building property situated at Gala No. 218 ( As per Booking Plan Gala No. 217) on the 2" Floor, Shivanjali Embroidery Park, Situated at : Variyav, Bearing Revenue Survey No. 910, Block No. 855, T.P. Scheme No. 46 (Gothan- Bharthana- Kosad-Variyav) Final Plot No. 279, Paiki Plot No. 18 With undivided Share of Land 26.70 Sq.mtr of village : Variyav, Taluka Surat City (Adajan), District: Surat, Gujarat, standing in the name of Mr. Sanjaykumar Vajubhai Sakariya.Boundaries of the site:**East:** Gala No.217,**West:** Gala No. 219,**North:** Final Plot No.277,**South**: Internal Road,Admeasuring Total Built Up area & Carpet area of Item **No:1 & Item No:2:**<br>**Total Carpet Area: 1961.32 Sq. Feet**<br>**Total Built Up Area: 2098.63 Sq. Feet** | Rs 25,00,000/- | Rs 2,50,000/- |

**Bid Incremental Amount – Rs 50,000/-**

For detailed terms and conditions of the sale, please refer to the link provided in our Bank's/Secured Creditor's website i.e **www.kvb.co.in/**Property Under Auction also at the web portal **https://www.bankauctions.in** of the service provider, **M/s 4 Closure – Contact Person Mr. Vitthal Rathod, Mobile No. 8142000725 and Mail id : mumbai@bankauctions.in**

**Statutory 30 days' Notice under Rule 8 (6) of the SARFAESI Act, 2002**

The borrower/s and guarantor/s are hereby notified to pay the dues as mentioned above along with up to date interest and ancillary expenses before the date of e-Auction, failing which the Schedule property will be auctioned/ sold and balance dues, if any, will be recovered with interest and cost.

Date : 02.11.2026 Authorized Officer
Place : Mumbai The Karur Vysya Bank Ltd.

# અમદાવાદ સ્થિત SPIPA ખાતે જનગણના ૨૦૨૭ માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમની અંતિમ બેચનો પ્રારંભ

**અમદાવાદ,** જનગણના ૨૦૨૭ માટે 'માસ્ટર ટ્રેનરો'ની તાલીમના કાર્યક્રમની ત્રીજી અને અંતિમ બેચનો આજે અમદાવાદમાં સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે પ્રારંભ થયો છે. આ એ વ્યાપક તાલીમ પહેલનો અંતિમ તબક્કો છે, જેનો ઉદ્દેશ્ય ગુજરાત રાજ્ય અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (DNH&DD) સંઘ પ્રદેશના કુલ ૯૨ 'માસ્ટર ટ્રેનરો'ને જનગણના ૨૦૨૭ના બીજા તબક્કા માટે સજ્જ કરવાનો છે.



સમગ્ર તાલીમ કાર્યક્રમને ત્રણ બેચમાં વહેંચવામાં આવ્યો હતો, જેથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને કેન્દ્રિત તાલીમ સુનિશ્ચિત કરી શકાય. ૨૭ થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાયેલ પ્રથમ બે બેચની સફળ સમાપ્તિ બાદ, હવે અંતિમ બેચ માટે ૨ થી ૫ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન સઘન તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અગાઉ, જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાતના નિયામક (Director of Census Operations) શ્રી સુજલ જે. મયાત્રા એ ૪ દિવસીય તાલીમ મોડ્યુલનું અધિકૃત ઉદ્ઘાટન કર્યું હતું. પોતાના સંબોધનમાં, નિયામક શ્રીએ તાલીમ પ્રક્રિયામાં 'માસ્ટર ટ્રેનરો'ની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનું નેતૃત્વ ફિલ્ડ ડેટા (ક્ષેત્રીય માહિતી)ની ગુણવત્તા પર સીધી અસર કરે છે. વસ્તીની ગણતરીના તબક્કા દરમિયાન ૪૦ પ્રશ્નો પૂછવાના હોવાથી, તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે 'સ્વ-ગણતરી' (self-enumeration)માં જાહેર જનતાની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવી એ ફિલ્ડ એન્યુમરેટર્સ (ગણતરીદારો) પરનો કાર્યભાર ઘટાડવા અને ડેટાની ચોકસાઈમાં નોંધપાત્ર સુધારો કરવા માટેની ચાવી છે. તેમણે તમામ માસ્ટર ટ્રેનરોને પણ અનુરોધ કર્યો કે તેઓ સ્વ-ગણતરી (self-enumeration)ના દરમાં વધારો કરવા માટે વ્યૂહાત્મક પ્રતિસાદ અને અમલમાં મૂકી શકાય તેવા વિચારોનું યોગદાન આપે. તમામ બેચમાં તાલીમ સત્રો જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાતના પાંચ 'નેશનલ ટ્રેનરો'ના પેનલ દ્વારા આપવામાં આવી રહી છે. આ પેનલમાં સંયુક્ત નિયામક શ્રીમતી ભારતી ઠાકરે, સંયુક્ત નિયામક ડૉ. સંચિતા સરકાર, નાયબ નિયામક શ્રી મનોજ ભગોરા, નાયબ નિયામક શ્રી અશોક રાણા અને નાયબ નિયામક શ્રીમતી નીલિમા ચૌરસિયાનો સમાવેશ થાય છે. આ અંતિમ બેચ સાથે, જનગણના ૨૦૨૭ની પ્રક્રિયાઓનું એકસમાન અને વ્યવસ્થિત અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે જરૂરી તાલીમ કાર્ય પૂર્ણ થાય છે. આ માસ્ટર ટ્રેનરો હવે સમગ્ર પ્રદેશમાં ફિલ્ડ કર્મચારીઓને તાલીમ આપશે, જેનાથી જનગણનાની પ્રક્રિયા સુચારુ અને પ્રમાણિત રીતે હાથ ધરવા માટેનો પાયો તૈયાર થશે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે બનાસકાંઠાના ભીલડી ખાતેથી પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો જાહેર

**બોટાદ,** ખેડૂતોની આવકને ટેકો આપવા અને કૃષિ ક્ષેત્રને વધુ સશક્ત બનાવવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવાયેલી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી જાહેર કરવામાં આવ્યો હતો. આ અવસરે દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)ના માધ્યમથી રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.



બોટાદના છૈંસ્ઝ યાર્ડ ખાતે રાજ્યકક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રી તથા બોટાદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રભારી સચિવશ્રી બી.એ. શાહ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત મહાનુભાવોએ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમના જીવંત પ્રસારણ અંતર્ગત વડાપ્રધાનશ્રીના સંબોધન અને હપ્તા વિતરણના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ શોર્ટ ફિલ્મના માધ્યમથી ખેડૂતોને કૃષિ ક્ષેત્રની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, સરકારી સહાય અને આધુનિક ખેતી પદ્ધતિઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. બોટાદ જિલ્લાના કુલ ૬૬,૦૬૩ ખેડૂત પરિવારોને પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪માં હપ્તા અંતર્ગત પ્રતિ લાભાર્થી રૂ. ૨,૦૦૦ લેખે કુલ રૂ. ૧૩.૨૧ કરોડની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં અત્યાર સુધી યોજનાના પ્રથમ ૨૩ હપ્તા અંતર્ગત કુલ રૂ. ૩૦૩ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી રિવાબા જાડેજાના હસ્તે બોટાદ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ૧૦ જેટલા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું, ખેડૂતોના આ સન્માનથી અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેનું પ્રોત્સાહન મળ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો સુધી સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓની માહિતી પહોંચાડવા, પાત્ર ખેડૂતોને યોજનાકીય લાભો સાથે જોડવા તેમજ આધુનિક અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અંગે જાગૃતિ લાવવાનો રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે,પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪માં હપ્તા અંતર્ગત ભારત દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુની સહાયની સાથે ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

# ઉત્રાણ – લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન

યાત્રીઓની સુવિધા તથા યાત્રાની વધતી માંગને પૂરી કરવા અને વધારાની ભીડને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળથી ઉત્રાણ – લાલકુઆં સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી ખેમરાજ મીણા દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ આ ટ્રેનોની વિગતો નીચે પ્રમાણે છેઃ

ટ્રેન નંબર ૦૯૧૨૯/૦૯૧૩૦ ઉત્રાણ – લાલકુઆં – ઉત્રાણ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (૦૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૧૨૯ ઉત્રાણ – લાલકુઆં સ્પેશિયલ દરેક ગુરૂવારે ઉત્રાણથી બપોરે ૧૫:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૧૬:૧૦ કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન ૦૫ અને ૧૨ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ચાલશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૩૦ લાલકુઆં – ઉત્રાણ સ્પેશિયલ દરેક શુક્રવારે લાલકુઆંથી રાત્રે ૨૨:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે ૨૨:૧૫ કલાકે ઉત્રાણ પહોંચશે. આ ટ્રેન ૦૬ અને ૧૩ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંકશન, નાગદા, કોટા જંકશન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર જંકશન, મથુરા જંકશન, હાથરસ સિટી, કાસગંજ જંકશન, બદાયૂં, બરેલી, બરેલી સિટી, ઈજ્ઞતનગર જંકશન, બહેડી જંકશન અને કિચ્છા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર અને દ્વિતીય શ્રેણીના સામાન્ય ડબ્બાઓ હશે.

ટ્રેન નંબર ૦૯૧૨૯ નું બુકિંગ ૦૩ .૧૧. ૨૦૨૬ ના રોજ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન રૂપે ચાલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદમાં 'સ્વર્ણ મુદ્રા 24K ગોલ્ડ બચત યોજના'નો ૧ નવેમ્બરથી પ્રારંભ

**અમદાવાદ,** અમદાવાદમાં 'સ્વર્ણ મુદ્રા ૨૪કે ગોલ્ડ બચત યોજના'નો પ્રારંભ ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યો છે. આ યોજનાનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોમાં નિયમિત બચતની ટેવ વિકસાવવાનો અને સોનામાં બચત કરવા માટે એક સુવ્યવસ્થિત વિકલ્પ ઉપલબ્ધ કરાવવાનો છે.

આ યોજના હેઠળ ગ્રાહકો માટે દૈનિક રૂ.૫૦ અને રૂ.૧૦૦ની બચતના બે વિકલ્પ રજૂ કરવામાં આવ્યા છે. રૂ.૫૦ના વિકલ્પ હેઠળ દર મહિને ૫૦ મિલિગ્રામ ૨૪ કેરેટ સોનાનો સિક્કો તથા રૂ.૨.૫૦ લાખનું આકસ્મિક વીમા કવર આપવાની જોગવાઈ છે. જ્યારે રૂ.૧૦૦ના વિકલ્પ હેઠળ દર મહિને ૧૨૫ મિલિગ્રામ ૨૪ કેરેટ સોનાનો સિક્કો અને રૂ.૫ લાખનું આકસ્મિક વીમા કવર આપવાની માહિતી આપવામાં આવી છે. બંને યોજનાઓની મુદત ૧૨ મહિનાની રહેશે. સ્વર્ણ મુદ્રાના પ્રમોટર ગૌરાંગભાઈ શાહે જણાવ્યું હતું કે, "ભારતમાં સૌપ્રથમ વખત આ પ્રકારની ગોલ્ડ બચત યોજનાની શરૂઆત સ્વર્ણ મુદ્રા દ્વારા કરવામાં આવી રહી છે. રૂ.૫૦ના વિકલ્પથી જોડાનારા ગ્રાહકોને ૫૦ મિલિગ્રામનો સોનાનો સિક્કો ભૌતિક સ્વરૂપે તેમના ઘર સુધી કુરિયર દ્વારા પહોંચાડવાની ખાતરી આપવામાં આવે છે. સ્વર્ણ મુદ્રાને આગામી સમયમાં અમદાવાદ ઉપરાંત ગુજરાત અને દેશના વિવિધ મોટા શહેરોમાં લઈ જવાની અમારી યોજના છે. હાલમાં અમદાવાદમાં હેલ્મેટ સર્કલ, બહુચરાજી, કલોલ ખાતે અમારી શાખાઓ કાર્યરત છે, આગામી ટૂંક સમયમાં વડોદરા, સુરત, રાજકોટ, ભરૂચ અને માણસામાં નવી શાખાઓ શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત વિદેશમાં પણ બે-ત્રણ સ્થળોએ ફ્રેન્ચાઈઝી શરૂ કરવા અંગે પ્રાથમિક ચર્ચા અને પૂછપરછ ચાલી રહી છે. અમને આશા છે કે આ દિશામાં પણ સકારાત્મક પરિણામો મળશે."

# પશ્ચિમ રેલવે વડોદરા મંડળ દ્વારા માર્ગ વપરાશકારોની સંરક્ષા અને સુવિધામાં વધારો

પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ રેલવે નેટવર્કના આધુનિકીકરણ, ટ્રેન સંચાલનમાં સંરક્ષામાં વધારો કરવા તેમજ માર્ગ વપરાશકારોની સુવિધા માટે સતત માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી રહ્યું છે. આ જ દિશામાં મંડળે ઓક્ટોબર મહિનામાં લેવલ ક્રોસિંગ ગેટ દૂર કરવામાં અને રોડ અંડરબ્રિજના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે.



પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણા દ્વારા જાહેર કરવામાં આવેલી એક અખબારી યાદી અનુસાર, રેલવે અને માર્ગ પરિવહનને વધુ સુરક્ષિત બનાવવાના હેતુથી ઓક્ટોબર મહિના દરમિયાન નડિયાદ અને મોડાસા સેક્શન વચ્ચે કુલ ૪ લેવલ ક્રોસિંગ ગેટ સફળતાપૂર્વક બંધ કરવામાં આવ્યા છે. આ ગેટ બંધ થવાથી એક તરફ ટ્રેનોની ગતિ અને સમયપાલનમાં સુધારો થશે, તો બીજી તરફ માર્ગ અકસ્માતોની શક્યતાઓ પણ સંપૂર્ણપણે દૂર થશે.

આ ઉપરાંત, વડોદરા મંડળે આણંદ-ગોધરા સેક્શનમાં માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં ઓક્ટોબર મહિના સુધીમાં આ વ્યસ્ત રૂટ પર લેવલ ક્રોસિંગ ગેટ નંબર ૧૦, ૩૮ અને ૬૪ પર રોડ અંડરબ્રિજનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ રોડ અંડરબ્રિજના નિર્માણથી સ્થાનિક રહેવાસીઓ તેમજ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોને હવે બંધ ગેટ પર રાહ જોવી પડશે નહીં, જેના પરિણામે તેમના સમય અને ઈંધણ બંનેની બચત થશે. સાથે જ, આ સેક્શનમાં ટ્રેનોનું સંચાલન પણ કોઈપણ અવરોધ વિના વધુ સુરક્ષિત અને સરળતાથી થઈ શકશે.

# બોટાદ નગરપાલિકાના ફાયર વિભાગના પાંચ ફાયરમેનને કાયમી નિમણૂકના હુકમો એનાયત

**બોટાદ,** બોટાદ નગરપાલિકાના ફાયર વિભાગમાં ફરજ બજાવતા પાંચ ફાયરમેનએ પાંચ વર્ષનો પ્રોબેશન સમયગાળો સફળતાપૂર્વક પૂર્ણ કરતાં તેમને કાયમી નિમણૂક આપવામાં આવી છે.



આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીના હસ્તે અજયભાઈ, હરજીવનભાઈ, નિલેશભાઈ, સહદેવભાઈ અને મેહુલભાઈને કાયમી નિમણૂકના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. કાયમી નિમણૂક મળતાં પાંચેય કર્મચારીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ નિમણૂક તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા, શિસ્ત, સમર્પણ અને સેવાભાવની સરાહના સાથે ભવિષ્યમાં વધુ જવાબદારીપૂર્વક કામગીરી કરવા માટે પ્રેરણારૂપ બની રહેશે. આ પ્રસંગે ફાયર વિભાગના અધિકારી શ્રી કુલદીપસિંહ એમ. ડોડીયાએ જણાવ્યું હતું કે, ફાયર વિભાગના કર્મચારીઓ આગની દુર્ઘટનાઓ, બચાવ કામગીરી અને અન્ય કટોકટીની પરિસ્થિતિઓમાં નાગરિકોની જાનમાલની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આવી પરિસ્થિતિઓમાં સમયસૂચકતા, ટીમવર્ક, તાલીમ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા અત્યંત જરૂરી છે. પાંચેય ફાયરમેનને કાયમી નિમણૂક મળવાથી તેમનો ઉત્સાહ અને જુસ્સો વધશે તથા તેઓ વધુ પ્રતિબદ્ધતા અને સેવાભાવ સાથે બોટાદના નગરજનોની સેવા કરશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

# ઔદ્યોગિક લ્યુબ્રિકન્ટ્સ અને સ્પેશિયાલિટી ફ્લુઈડ ટેક્નોલોજીમાં નવીનતા લાવવા માટે LANXESS અને BPCL વચ્ચે જોડાણ




મુંબઈ, સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની લેક્સેસ અને ભારતની અગ્રણી સંકલિત ઊર્જા કંપનીઓમાંની એક અને મહારત્ન જાહેર ક્ષેત્રની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)ના ઉપક્રમે, ભારતમાં અદ્યતન ઔદ્યોગિક લુબ્રિકન્ટ ટેકનોલોજી, સ્પેશિયાલ્ટી ફ્લુઈડ સોલ્યુશન્સ અને સંબંધિત એપ્લિકેશન્સમાં લાંબા ગાળાના સહયોગ માટે તકો શોધવા માટે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે.

લેક્સેસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ વચ્ચે આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

બંને સંસ્થાઓના વરિષ્ઠ નેતૃત્વ દ્વારા હાજરી સાથેના ઔપચારિક હસ્તાક્ષર કાર્યક્રમ દ્વારા સંસ્થાઓએ સહકારને ઔપચારિક બનાવ્યો. આ એમઓયુ ભારતમાં નવીન લુબ્રિકન્ટ સોલ્યુશન્સ વિકસાવવા, 'ઈસ મંજૂરીઓને ટેકો આપવા, સ્થાનિકીકરણ વધારવા અને ગ્રાહકો માટે લાંબા ગાળાના મૂલ્યનું નિર્માણ કરવાના હેતુથી ટેક્નિકલ અને કમર્શિયલ તકોનું મૂલ્યાંકન કરવા માટે એક બિન-વિશિષ્ટ માળખું સ્થાપિત કરે છે. (૧-૭)

**ADF FOODS LTD.** *Feeding the world..*

**એડીએફ ફૂડ્સ લિમિટેડ**

**સીઆયએન : L15400GJ1990PLC014265**

**રજી. ઓફિસ :** ૮૩/૮૬, જી.આય.ડી.સી. ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, નડિયાદ ૩૮૭ ૦૦૧, ગુજરાત.
**કોર્પોરેટ ઓફિસ :** મેરેથોન ઈનોવા, બી ૨, જી ૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, જી.કે.રોડ, લોઅર પરેલ, મુંબઈ ૪૦૦ ૦૧૩, મહારાષ્ટ્ર, ભારત.
**ટેલિ.:** ૦૨૬૮-૨૫૫૧૩૮૧/૮૨; **ફેક્સ :** ૦૨૬૮-૨૫૬૫૦૬૮
**ઈ-મેઈલ :** co_secretary@adf-foods.com; **વેબસાઈટ:** www.adf-foods.com

**શેર પ્રમાણપત્ર ખોવાઈ જવા અંગેની જાહેર નોટિસ**

જે કોઈને પણ લાગુ પડે છે તેમના જાણ માટે

આથી જાહેર કરવામાં આવે છે, એ.ડી.એફ. ફૂડ્સ લિમિટેડ (કંપની) દ્વારા જારી કરવામાં આવેલ નીચે દર્શાવેલ શેર સર્ટિફિકેટ(સ) ખોવાઈ ગયેલ અથવા ખોટી જગ્યાએ મુકાઈ ગયેલ હોવાનું જણાવવામાં આવ્યું છે અને સંબંધિત મૃત શેરધારકોના કાનૂની વારસદારો/દાવેદારોએ ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ(સ) જારી કરવા માટે અરજી કરી છે.

| શેરધારકોનાં નામ | ફોલીઓ ક્રમાંક | પ્રમાણપત્ર ક્રમાંક | વિશિષ્ટ ક્રમાંક(ઓ) | રૂ.૨/- ની મૂળ કિંમત ધરાવતા શેરની સંખ્યા |
|---|---|---|---|---|
| સુરજીત સિંહ સેઠી ગુરદર્શન કૌર સેઠી | એસ૦૧૫૨૭૮ | ૨૫૩૮ | ૧૭૮૨૫૦૧ - ૧૭૯૦૫૦૦ | ૮,૦૦૦ |

ઉપરોક્ત ઉલ્લેખિત શેર સર્ટિફિકેટ ખરીદવા અથવા તેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવા સામે જાહેર જનતાને આથી સાવચેત કરવામાં આવે છે.
જે કોઈપણ વ્યક્તિને ઉપરોક્ત શેર સર્ટિફિકેટ(સ) અંગે કોઈપણ પ્રકારનો દાવો, અધિકાર, હક, માલિકી અથવા હિત હોય, તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર કંપની અથવા તેના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ), એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-૧૦૧, એમ્બેસી ૨૪૭, પ્રથમ માળ, એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૮૩, ટેલિફોન નં. ૦૮૧૦૮૧૧૬૭૬૭, ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૧૦૨૦ ૮૭૮, ઈ-મેઈલ investor.helpdesk@in.mpms.mufg.com પર પોતાનો દાવો નોંધાવવો.
જો નિર્ધારિત સમયગાળામાં કોઈ વાંધો પ્રાપ્ત થશે નહીં, તો કંપની લાગુ પડતી નિયમનકારી આવશ્યકતાઓ અનુસાર ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ જારી કરવાની કાર્યવાહી હાથ ધરશે.

એડીએફ ફૂડ્સ લિમિટેડવતી
સહી/-
શલાકા ઓવલેકર
કંપની સેક્રેટરી
સભ્યપદ ક્રમાંક એ૧૫૨૭૪

સ્થળ : મુંબઈ
તારીખ : ૩ નવેંબર, ૨૦૨૬

**ICICI Home Finance** | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

**શાખા ઓફિસ :** આરકે વર્લ્ડ ટાવર, શોરૂમ નં. ૨૧૫-૨૧૯, બીજો માળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, શીતલ પાર્ક ચોકની પાસે, રાજકોટ - ૩૬૦૦૦૭.
**શાખા ઓફિસ :** પ્લોટ નં. ૩૪૨, વોર્ડ - ૧૨/બી, ઓફિસ નં. ૨૦૩, બીજો માળ, રાજકમલ - ૨, યશ બેંકની પાસે, આઈસીઆઈસીઆઈ બેંક, ગાંધીધામ-૩૭૦૨૦૧.

**ખાનગી દ્વારા સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૮) અને નિયમ ૯(૧) હેઠળ ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ખાનગી સંધિ હેઠળ ઈ - હરાજી વેચાણ નોટીસ.

ICICI હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ (ICICI HFC) એ નીચે દર્શાવેલ મોર્ટગેજ મિલકતના વેચાણ માટે ઘણી હરાજી હાથ ધરી છે, જો કે આવી તમામ ઈ-હરાજી નિષ્ફળ ગઈ હતી. હવે રસધરાવતા ખરીદદારે ઉપરોકત મિલકત ખરીદવાની ઓફર અનામત કિંમત (ટેબલમાં જણાવ્યા મુજબ) સાથે ICICI HFC નો સંપર્ક કરી શકે છે. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ ખાનગી દ્વારા **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

| ક્રમ નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર | જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો | બાકી લ્હેણી રકમ | અનામત કિંમત / અર્નેસ્ટ મની ડીપોઝીટ | નિરીક્ષણની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય | હરાજીની તારીખના એક દિવસ પહેલા | સરફેસી સ્ટેજ |
|---|---|---|---|---|---|---|---|---|
| (A) | (B) | (C) | (D) | (E) | (F) | (G) | (H) | (I) |
| 1. | પરમાર સન્ની શશીકાંતભાઈ (ઉધારકર્તા), પરમાર નિલમબેન શનીબેન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHRAJ00001506234 LHRAJ00001506235 | ફ્લેટ નં. ૫૦૨, પાંચમો માળ, ઈ - વિંગ, આવકાર સીટી, પ્લોટ નં. ૧ (સિંગલ યુનિટ), રેવન્યુ સર્વે નં. ૧૦ પૈકી ૨, ગામ - વાવડી, તાલુકો અને જીલ્લો - રાજકોટ, ગુજરાત. | Rs. 14,32,198/- October 29, 2026 | Rs. 2,80,000/- / Rs. 28,000/- | November 12, 2026 11:00 AM To 03:00 PM | November 19, 2026 02:00 PM To 03:00 PM | November 18, 2026 before 04:00 PM | પ્રત્યક્ષ કબજો |
| 2. | મહેશ્વરી સુનિલ ધનજી (ઉધારકર્તા), મહેશ્વરી જયાબેન સુનિલ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHGDM00001556354 LHGDM00001556355 | આર.એસ. નં. ૧૧૨/પૈકી ૨ અને ૧૧૪ / પૈકી ૨, પ્લોટ નં. ૨૬૩, મેહુલ પાર્ક, ગામ - મિરઝાપુર, તાલુકો - ભુજ, જીલ્લો - કચ્છ, ગુજરાત. | Rs. 17,00,872/- October 29, 2026 | Rs. 10,50,000/- / Rs. 1,05,000/- | November 12, 2026 11:00 AM To 03:00 PM | November 19, 2026 02:00 PM To 03:00 PM | November 18, 2026 before 04:00 PM | પ્રત્યક્ષ કબજો |

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી વેલ્યુ ટ્રસ્ટ કેપીટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ની વેબસાઈટ : **(URL Link - https://BidDeal.in)** પર હાથ ધરવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, શાખા ઓફિસના સરનામે, તા. નવેમ્બર ૧૮, ૨૦૨૬ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, શાખા ઓફિસના સરનામે ખાતે તા. નવેમ્બર ૧૮, ૨૦૨૬ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ.
સામાન્ય જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉલ્લેખિત રસ ધરાવતા ખરીદદાર દ્વારા ઓફર કરવામાં આવતી રકમ કરતાં વધુ તેમની બીડ સબમીટ કરે. આથી જાણ કરવામાં આવે છે કે જો **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ** દ્વારા ઉપરોકત રસ ધરાવતા ખરીદદાર દ્વારા ઓફર કરવામાં આવી રહેલી રકમ કરતાં વધુ કોઈ બીડ ન મળે તો, ગીરો મુકેલી મિલકત ઉપરોકત રસ ધરાવતા ખરીદદાર સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૮(૮) અને નિયમ ૯(૧) મુજબ વેચાણ કરવામાં આવશે. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦** નો સંપર્ક કરો.
અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.icicihfc.com/ ની મુલાકાત લો.

તારીખ : નવેમ્બર ૦૩, ૨૦૨૬
સ્થળ : રાજકોટ, કચ્છ
અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ
CIN No. U65922MH1999PLC120106

**SURYODAY** A BANK OF SMILES

**સૂર્યોદય સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ**
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ : 1101, શારદા ટેરેસ, પ્લોટ 65, સેક્ટર - 11, સીબીડી બેલાપુર, નવી મુંબઈ - 400614. CIN : L65923MH2008PLC261472.

**કબજાની સૂચના**

જ્યારે નીચે સહી કરનાર, મેસર્સ સૂર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002 નો એક્ટ નં. 54) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે જણાવેલ દેવાદાર/લેનારાઓ/ગેરેન્ટરોને માંગ નોટિસ જારી કરી. ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસ પૂર્ણ થયા પછી, ઋણ લેનાર/ઓ/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, ઋણ લેનાર/ઓ/જામીનદારો અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનારે અહીં ઉલ્લેખિત તારીખે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6 અને 8 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે:

| ઋણલેનાર/ સહ-ઋણલેનાર/ ગેરેન્ટરનું નામ | ડિમાન્ડ નોટિસની તારીખ | ૦૭.૧૦.૨૦૨૫ |
|---|---|---|
| 239000053848, ૧) યજ્ઞેશકુમાર મનુભાઈ પરમાર પુત્ર મનુભાઈ પરમાર ૨) શ્રીમતી પરમાર જ્યોતિબેન યજ્ઞેશકુમાર પત્ની યજ્ઞેશકુમાર મનુભાઈ પરમાર | કુલ બાકી રકમ | ૨૨.૦૯.૨૦૨૫ ના રોજ રૂ. ૪,૦૭,૭૩૮.૧૯/- |
| | કબજાની તારીખ | ૩૧-૧૦-૨૦૨૬ (પ્રત્યક્ષ) |

**સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત (Ies) નું વર્ણન :** તમામ ભાગ અને હિસ્સા સાથે ની રહેણાંક મિલકત, રહેઠાણ રવિપુરા, તાલુકા પેટલાદ, જિલ્લો આનંદ, ગામ સત્તામંડળ નં. ૨૯૯, વિસ્તાર ૪૮૦ ચોરસ ફૂટ. ચતુ: સીમા - પૂર્વ: માલિકોની ખુલ્લી જમીન, પશ્ચિમ: બચુભાઈ શનાભાઈ પરમારનું ઘર, ઉત્તર: રાજુભાઈ ચંદુભાઈ પરમારની ખુલ્લી જમીન, દક્ષિણ: માલિકોની જમીન પછી રોડ

ખાસ કરીને ઋણ લેનાર/ગેરેન્ટર/ઓ અને સામાન્ય રીતે જાહેર જનતાને આ મિલકત સાથે વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર ઉપર જણાવેલ માંગણી કરેલ રકમ અને તેના પરના વધુ વ્યાજ માટે મેસર્સ સૂર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

**તારીખ: ૦૩.૧૧.૨૦૨૬, સ્થળ: ગુજરાત** **અધિકૃત અધિકારી, સૂર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**

**ટ્રુહોમ ફાઈનાન્સ લીમીટેડ**
(વિધિવત શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી)

Truhome FINANCE

રજીસ્ટર્ડ ઓફિસઃ શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દરવાજા નં.૫, જુના નં.૧૧, બીજી લેન, સેનાટોફા રોડ, અલવરપેટ, ટેયનામપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૮
હેડ ઓફિસ : લેવલ-૩, વોકહાર્ડટ ટાવર્સ, ઈસ્ટ વિંગ સી-૨, જી-બ્લોક, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૧
વેબસાઈટ : http://www.truhomefinance.in

**ભૌતિક કબ્જા નોટીસ**

આથી અહીં જણાવવાનું કે ટુ હોમ ફાઈનાન્સ લિમિટેડના નીચે સહી કરનાર (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪)અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ના રૂલ-૩ સાથે વાંચતા, કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને માંગણા નોટીસોમાં જણાવેલ રકમ આ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.
(દેવાદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી ટુહોમ ફાઈનાન્સ લિમિટેડના નીચે સહી કરનારએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ)ના સેકશન-૧૩(૪) અને જણાવેલ નિયમોના નિયમ ૮ સાથે વાંચતા, ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો ભૌતિક કબ્જો મેળવી લીધો છે.
દેવાદારો અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો ટુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લીમીટેડ તરીકે જાણિતી) નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.
(કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે. તે માટે કરજદારોને આમંત્રીત કરવામાં આવે છે.)

**દેવાદારનું નામ અને સરનામું**
૧. મકવાણા સુમિત રમેશભાઈ અને
૨. મકવાણા રેખાબેન રમેશભાઈ
દરેકનું રહેઠાણ : ફ્લેટ નં.૨૧૩, બીજો માળ, શિવમ કોમ્પલેક્ષ, કુલપાડા, ત્રણ પાન વાડ પાસે, એ.કે.રોડ, સુરત-૩૯૫૦૦૮
આપણ : @ ગ્રીન બોમ્બે
એ-૧૩૬, પ્રમુખ છાયા સોસાયટી, કિરન ચોક, યોગી ચોક પાસે, પુના ગામ, સુરત-૩૯૫૦૧૦
આપણ : ફ્લેટ નં.૪૦૮, ચોથો માળ, શિવમ કોમ્પલેક્ષ, કુલપાડા, ત્રણ પાન વાડ પાસે, એ.કે.રોડ, સુરત-૩૯૫૦૦૮

**માંગણા નોટિસ મુજબ બાકી લેણાં રકમ**
૦૯/૦૩/૨૦૨૬ ના રોજ લોન ખાતા નંબર ના સંદર્ભમાં : **SHLHSRAT0001857**
૧૦,૪૫,૦૭૨/- (રૂપિયા દસ લાખ, પિસ્તાલીસ હજાર, બોતેર પુરા) આગળના વ્યાજ અને ખર્ચા, કોસ્ટ, પડતર સહિત
૧૩(૨)માંગણા નોટિસ તારીખ : ૧૦/૦૩/૨૦૨૬
કોર્ટ ચુકાદાની વિગતો એડિ.ચિફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, સુરત, જીલ્લા-સુરત ક્રિમિનલ એમઆઈએસસી અરજી નં.૮૦૮૫/૨૦૨૬, ચુકાદા તારીખ : ૨૮/૦૯/૨૦૨૬
ભૌતિક કબ્જા તારીખ : ૩૧/૧૦/૨૦૨૬

**ગીરો મિલકતનું વિવરણ**
ફ્લેટ નં.૪૦૮ના તમામ નામો, હકો, અને હિતો, ચોથો માળ, માપણી ૩૪૦ સ્કે.ફીટ. એટલેકે ૩૧.૬૨ સ્કે.મી.કાર્પેટ એરિયા અને ૩૪.૭૪ સ્કે.મી. બિલ્ટઅપ એરિયા, પ્રમાણસરના અવિભાજીત ભાગ માપણી ૧૧.૨૫ સ્કે.મી. સહિત, શિવમ કોમપ્લેક્ષની જમીનની અંદર, જમીન બેરિંગ સિટી સર્વે વોર્ડ કુલપાડા ખાતે સ્થિત બાંધકામ, નોંધ નં.૧૯૦૦ થી ૧૯૧૮, ગામ-કુલપાડાની ગામતલ ખાતે સ્થિત, તાલુકા-સુરત સિટી, જીલ્લો-સુરત. સિમાબદ્ધ (દસ્તાવેજો મુજબ) : પૂર્વ : એડીજે પેસેજ, પશ્ચિમ : એડીજે ફ્લેટ નં.૩૦૬, ઉત્તર : એડીજે જગા, દક્ષિણ : એડીજે જગા. સિમાબદ્ધ (સાઈટ મુજબ): પૂર્વ : પેસેજ, પશ્ચિમ : ફ્લેટ નં.૩૦૬, ઉત્તર : ઓ.ટી.એસ., દક્ષિણ : એન્ટ્રી અને પેસેજ

સ્થળ : સુરત
તારીખ : ૩૧-૧૦-૨૦૨૬
સહી/- અધિકૃત અધિકારી ટુહોમ ફાઈનાન્સ લિમિટેડ
(શ્રી રામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે અગાઉ જાણિતી)

(પૂરથી અસરગ્રસ્ત પીપી /એચડીપીઈ કોથળાઓ, કાપડના રોલ, સૂતર, પ્રક્રિયા હેઠળના માલ અને કાચા ભંગાર સામગ્રીના પ્રતિ કિલોના દરે) ) નિકાલ માટે ઈ-હરાજીની સૂચના

મેસર્સ સિલવાસા વુવન સેક્સ પ્રા.લિ.ના પૂરથી અસર ગ્રસ્ત પીપી એચડીપીઈ કોથળાઓ, કાપડના રોલ, સૂતર, પ્રક્રિયા હેઠળનો માલ અને કાચા ભંગાર સામગ્રીના નિકાલ માટે, રસ ધરાવતા ખરીદદારો પાસેથી "જેવી છે જ્યાં છે "ના ધોરણે પ્રતિ કિલોના ભાવે ઈ-હરાજીના ફોર્મ મંગાવવામાં આવે છે. આ માલનું નિરિક્ષણ મેસર્સ સિલવાસા વુવન સેક્સ પ્રા.લિ., ફતેપુર રોડ, સાયલી-૩૯૬૨૩૦ ખાતે સર્વે નં.૩૦૦,૧,૨,૩,૪,૫,૬, ૩૦૧,૧,૨,૩, અને ૩૦૫ પર કરી શકાશે. નિરિક્ષણ માટે ૦૩/૧૧/૨૦૨૬ થી ૧૧/૧૧/૨૦૨૬ દરમિયાન, શ્રી સિદ્ધાર્થ - ૯૯૨૪૨૧૪૭૭૭૭ પાસેથી અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે. ૧૨/૧૧/૨૦૨૬ના રોજ યોજાનારી ઉપરોક્ત ઈ-હરાજીમાં ભાગ લેવા માટે કૃપા કરીને સુશ્રી સાજીદા બેગનો ૮૧૭૮૦૨૭૯૧૩ પર સંપર્ક કરો.

સેલ્વેજ સેટલર્સ પ્રાઈવેટ લિમિટેડ(હરાજી કરનારા)
એફએફ-૨૦ અને ૨૨, પર્લ ઓમેક્ષ, નેતાજી સુભાષ પ્લેસ, પિતામપુરા, નવી દિલ્હી-૧૧૦૦૩૪ ખાતે

અથવા વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરો :
www.SalvageSettlers.com

ઈ-હરાજી ના ફોર્મ સબમિટ કરવાની આખરી તારીખ ૧૧/૧૧/૨૦૨૬ બપોરે૧૨.૦૦ ક્લાક પહેલા

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt